©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

**SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION**

***PUBLISHED BY AUTHORITY***

**VOL. LXV] WEDNESDAY, 09th OCTOBER, 2024/ASHVINA 17, 1946 [No. 121**

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation**

**PART-II EXTRAORDINARY**

### અધિસુચન

### ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬, કલમ-૪૨ (૧)

### ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯, નિયમ-૧૮

### મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૧ (વાપી) ની પ્રસિધ્ધિ બાબત

નં. ટી.પી./મુ.ન.ર.,યો.નં.૧(વાપી)/પ્રસિધ્ધ-૪૨(૧)/રજી.૨/વશી.૯૬૦/૨૦૨૪-૨૫.-તા. ૦૭-૧૦-૨૦૨૪ આથી લાગતા-વળગતા તથા સંબંધકર્તા તમામને જણાવવામાં આવે છે કે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ-૪૧ (૧) હેઠળ વાપી વિસ્તાર વિકાસ સત્તામંડળે તા. ૦૬-૧૧-૨૦૨૩નાં રોજ સામાન્ય સભાનાં ઠરાવ ક્રમાંક-૨૧ થી મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૧ (વાપી) ને બનાવવા માટેનો ઈરાદો જાહેર કરેલ. સદર ઈરાદાને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ-૪૧ (૨) મુજબ સરકારશ્રીના રાજ્યપત્રમાં તા. ૦૮-૧૧-૨૦૨૩ ના પાના નં. ૪૦૬ થી ૪૦૮ ઉપર તથા દૈનિક વર્તમાનપત્ર ‘‘દિવ્ય ભાસ્કર’’ માં તા. ૦૯-૧૧-૨૦૨૩ ના રોજ અને દૈનિક વર્તમાનપત્ર ‘‘ગુજરાત સમાચાર’’ માં તા. ૦૯-૧૧-૨૦૨૩ ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ.

તા. ૦૬-૧૧-૨૦૨૩ થી મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૧ (વાપી) બનાવવાનો ઈરાદો જાહેર કરેલ.તેના અનુસંધાને સત્તામંડળ દ્વારા સદરહુ યોજનાની કામચલાઉ દરખાસ્તો તૈયાર કરી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો, ૧૯૭૯ ના નિયમ નં. ૧૭ મુજબ સંબંધકર્તા અને હિતસબંધ ધરાવનાર વ્યક્તિઓને વ્યક્તિગત તથા જાહેર નોટીસ આપી તેઓની સાથે વાપી નગરપાલિકા હોલ, અબ્દુલ કલામ શોપીંગ સેન્ટર, બીજો માળ, નેહરૂ સ્ટ્રીટ, વાપી તા. વાપી, જી. વલસાડ મુકામે તા. ૧૧-૦૩-૨૦૨૪ ના રોજ યોજનાઓના સુચનો મેળવવા માટે ઓનર્સ મીટીંગ યોજવામાં આવેલ. સદર ઓનર્સ મીટીંગમાં અને ત્યારબાદ આવેલ વાંધા/સૂચનો ધ્યાને લઈ મુસદ્દારૂપ નગર રચના યોજના-૧(વાપી) ની દરખાસ્તને તૈયાર કરવામાં આવેલ છે.

વાપી વિસ્તાર વિકાસ સત્તામંડળ દ્વારા ઉક્ત કાયદાની કલમ-૪૨(૧) મુજબ મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૧(વાપી) ની દરખાસ્તોથી અસર પામતા શખ્સોના વાંધા-સુચનો મેળવવા માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

(૧) યોજનાનો વિસ્તાર હદ તથા રેવન્યુ સર્વે નંબરો/બ્લોક નંબરો વિગેરે દર્શાવતો નકશો (નકશા નં. ૧).

(૨) મુળખંડોની હદો, નંબરો તથા રેવન્યુ સર્વે નંબરો/બ્લોક નંબરો વિગેરે દર્શાવતો નકશો (નકશા નં. ૨).

(૩) મુળખંડ તેમજ અંતિમખંડની હદ તથા રસ્તાઓ દર્શાવતો નકશો (નકશા નં. ૩).

(૪) અંતિમખંડની હદ, રસ્તાઓ તથા સત્તામંડળને જાહેર હેતુ માટે ફાળવેલ અંતિમખંડોની હદો દર્શાવતો નકશો (નકશા નં.૪).

(૫) યોજનામાં સુચવેલ સવલતો દર્શાવતો નકશો (નકશા નં. ૪/અ થી ૪/ડ).

(૬) મુલ્યાંકન અન્વયે ધ્યાને લીધેલ વેચાણ દર્શાવતો નકશો (નકશા નં. ૫).

(૭) યોજનાનો ટુંકો ઇતિહાસ અને ટુંકનોંધ.

(૮) ફોર્મ-એફ [(પુનઃ વહેંચણી તથા મુલ્યાંકન પત્રક (નિયમ નં. ૨૧ અને ૩૫)].

(૯) યોજનાની નાણાંકીય જોગવાઇઓ દર્શાવતું પત્રક (''જી'' ફોર્મ).

(૧૦) યોજનાઓના સુચિત કામોના અંદાજપત્રક.

(૧૧) મુળખંડ તેમજ અતિમખંડની વિકસીત તથા અવિકસીત કિંમતના અંદાજના દર દર્શાવતું પત્રક.

(૧૨) વેચાણ દર્શાવતું પત્રક.

(૧૩) મુળખંડને અંતિમખંડ ફાળવતા કરવામાં આવેલ જમીનની કપાતની ટકાવારી દર્શાવતું પત્રક.

(૧૪) બાંધકામ નિયંત્રણ અંગેના નિયમો.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમ-૧૯૭૯, નિયમ નં. ૧૮ (૨) અન્વયે ઉપરોક્ત અધિસુચન સરકારશ્રીના રાજયપત્રમાં પ્રસિધ્ધ થયા તારીખથી એક મહિનાની અંદર સદરહુ મુસદ્દારૂપ નગર રચના યોજનાની દરખાસ્તથી અસર પામતી/પામેલ કોઇપણ વ્યક્તિ આ યોજનાના સંબંધમાં લેખિત વાંધા અને / અથવા સુચનો વાપી વિસ્તાર વિકાસ સત્તામંડળ, વાપી નગરપાલિકા, શહીદ ધનસુખભાઈ માર્ગ, વાપી (પશ્ચિમ)-૩૯૬૧૯૧ ની કચેરીમાં લખી જણાવશે તો તે લેખિત વાંધા/સુચનો વાપી વિસ્તાર વિકાસ સત્તામંડળ, સદરહુ યોજનાનો મુસદ્દો ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ-૪૮(૧) હેઠળ સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરતાં પહેલા ગુણવતાના ધોરણે વિચારણામાં લેશે. તેની નોંધ લેવા વિનંતી છે.

**ક્રમાંક : નં. ટી.પી./મુ.ન.ર.,યો. નં. ૧(વાપી)/**
**પ્રસિધ્ધ-૪૨(૧)/રજી.૨/વશી.૯૬૦/૨૦૨૪-૨૫/**
**તા. ૦૭-૧૦-૨૦૨૪**

**કોમલબેન ડી. ઘીનૈયા**
ચીફ ઓફિસર
વાપી નગરપાલિકા અને
વાપી વિસ્તાર વિકાસ સત્તામંડળ
વાપી

**સરનામું :**
વાપી વિસ્તાર વિકાસ સત્તામંડળ,
વાપી નગરપાલિકા, શહીદ ધનસુખભાઈ માર્ગ,
વાપી (પશ્ચિમ)-૩૯૬૧૯૧

---

Signature valid
Signed by:MAHENDRA DHARKAR
Date: 2024.10.10 11:54:40 +05:30
Reason: Validate Document
Location: Government Press & Stationery, Rajkot